જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૫/૦૭/૨૦૧૭ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા :- સમાચાર યાદી નં.૧૩૭૩/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૧ કેસ કરી ૧૯ વ્યક્તિઓને ઝડપી, ૮૮ લીટર દેશી દારૂ, ૨૦૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૮૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૨ બિયર ટીન, ૦૧ સ્કુટર અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫,૨૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૩૭૪/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૬૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડી :- સમાચાર યાદી નં.૧૩૭૫/૧૭

**સેટેલાઇટ :** કોમલ ભરતભાઇ પટેલ (ઉ.વ.૩૯)(રહે,રન્તમણી કોમ્પલેક્ષ જોધપુર ચાર રસ્તા સ્ટાર બજાર સામે સેટેલાઇટ) એ તા.૪/૭/૧૭ નારોજ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે જાન્યુઆરી ૨૦૧૫ થી આજદિન સુધીનાં સમયગાળા દરમ્યાન આરોપી વિમલજીસીંગ હરબંસલાલ પાલ (રહે,સાઇની વિહાર બલટાના ફર્સ મોહાલી પંજાબ) અને (૨) જૈમીન સુધીરભાઇ ગોયન્કા એ ભેગામળી કોમલ પાસેથી લોનની ડીપોઝીટ તેમજ દલાલી પેટે કુલ રૂપિયા ૨૪,૦૦,૦૦૦/- મેળવી લઇ, આજદીન સુધી કોમલને નાણા પરત નહીં આપી, કોમલ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ **પો.ઈ.શ્રી** એમ.યુ.મસી ચલાવે છે.

**ક્રાઇમબ્રાન્ચ :** અંકુરભાઇ નરેન્દ્રભાઈ ભંડારી (ઉ.વ.૩૪)(રહે.માનવ મંદીર ફ્લેટ તક્ષશીલા કોલોની રમણનગર મણીનગર) એ ક્રાઇમબ્રાન્ચ ખાતે ફરીયાદ નોંધાવી છે તા.૦૪/૦૭/૨૦૧૭ ના ક્લાક ૧૧/૪૫ થી ૧૨/૪૫ વાગ્યા દરમ્યાન **હોન્ડા** કંપનીના ડાયરેક્ટર રીફંટ તરીકેની ખોટી ઓળખ આપી મો.નં. ૮૫૧૦૦૫૪૯૪૬ ઉપરથી ફોન કરનાર અજાણી વ્યક્તી તથા તેની સાથે સંકળાયેલ તમામ વ્યક્તિઓએ ભેગામળી અંકુરભાઇને કારની મ્યુઝીક સીસ્ટમ બદલી આપવાનું કહી, અંકુરભાઇને વિશ્વાસમાં લઈ, તેમના મહીન્દ્રા કોટક બેન્કનો કેડીટકાર્ડ નંબર તથા ઓટીપી નંબર મેળવી લઇ, ઇન્ટરનેટ મારફતે અંકુરભાઇના એકાઉન્ટમાંથી રૂપીયા ૪૦,૦૦૦/- ઉપાડી લઈ, અંકુરભાઇ સાથે છેતરપીંડી તથા વિશ્વાસઘાત **કર્યો છે.** આ ગુનાની તપાસ **પો.સ.ઈ.શ્રી** જે.એસ.ગેડમ ક્રાઇમ બ્રાન્ચ નાઓ ચલાવે છે.

<u>ઘરફોડઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૩૭૬/૧૭</u>

**સોલા હાઇકોર્ટ :** શીખાબેન વિકાસભાઇ જૈન (રહે,સુપર બંગ્લોઝ સાયન સીટી સામે સોલા) એ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે તા.૩૦/૦૬/૨૦૧૭ ના કલાક ૧૧/૦૦ થી તા.૪/૦૭/૨૦૧૭ ના કલાક ૧૦/૪૦ વાગ્યા દરમ્યાન શીખાબેનનાં પિતાજીનાં મહાલય બંગ્લોઝ ખાતે આવેલ બંગલા નંબર ૩૭ નું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, બેડરૂમમા આવેલ તિજોરીમાંથી સોનાના દાગીના તથા રોકડ રકમ મળી કુલ રૂપિયા ૧,૬૦,૦૦૦/- મત્તાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ **પો.સ.ઈ.શ્રી** એસ.બી.સૈયદ ચલાવે છે.

**ઘાટલોડીયા :** શીતલબેન વા/ઓ યોગેશભાઇ પટેલ (રહે, કર્મચારીનગર-૨ ઘાટલોડીયા) એ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે તા.૦૧/૦૭/૧૭ ના કલાક ૪/૩૦ થી તા.૦૪/૦૭/૧૭ ના કલાક ૪/૧૫ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના પાછળના દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, સોનાના દાગીના તથા અલગ-અલગ કંપનીના ઘડીયાળ, યુ.એસ.એ ડોલર અને રોકડ રકમ મળી કુલ રૂપિયા ૩,૫૬,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ **પો.ઈ.શ્રી** એ.ડી.ગોહિલ ચલાવે છે.

**કૃષ્ણનગર :** મહેશભાઈ રામેશ્વર શર્મા (રહે,સુદાસ ટેનામેંન્ટ ભગવતી વિધ્યાલય રોડ હિરાવાડી કૃષ્ણનગર) એ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે તા.૨૧/૪/૧૭ રાતના ૧૦/૩૦ થી તા.૨૨/૪/૧૭ ના કલાક ૬/૦૦ વાગ્યા દરમ્યાન હિરાવાડી ત્રણ રસ્તા પંડિત ટ્રેડર્સ નામની મહેશભાઇની દુકાનનું શટલ બેન્ડ કરી, નકુચા તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી, દુકાનમાંથી એક કોથળામાં ૬૫ કિલો સોપારી ભરેલ એવાં સોપારીના કુલ આઠ કોથળા કુલ કિંમત રૂપીયા ૧,૬૦,૦૦૦/- મતાનાં ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ **પો.સ.ઈ.શ્રી કૃષ્ણનગર ચોકી નાઓ** ચલાવે છે.

<u>વાહન ચોરીઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૩૭૭/૧૭</u>

**વસ્રાપુર :** અસીમભાઇ યુનુસભાઈ સેલત(રહે,સેકટર-૨૯, ગાંધીનગર) એ તા.૨૭/૦૬/૨૦૧૭ સાંજના ૬/૦૦ વાગ્યાનાં સુમારે થલતેજ સાલ હોસ્પીટલની આગળ રોડની સાઈડમાં પોતાની ટોયોટા કંપનીની ફોર્યુનર કાર નંબર જીજે.૨૭.એ.એ.૮૫૦૧ કિંમત રૂપિયા ૧૫,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જે કારમાં રોકડા રૂપિયા ૩,૦૦,૦૦૦/- મુકેલ હતા જે રૂપીયા સાથેની કારની ચોરી તા.૨૭/૦૬/૨૦૧૭ રાતના ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન થઇ હતી. આ અંગેની ફરીયાદ અસીમભાઇ સેલતે તા.૪/૭/૧૭ નારોજ વસ્રાપુર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે.આ ગુનાની તપાસ મસઇ.શ્રી જયંતિભાઈ મણિલાલ ચલાવે છે.

**વાડજ :** શ્રેણીકભાઈ શાંતીલાલ ચોક્સી (રહે, નવસિધ્ધી એપાર્ટમેન્ટ, પંચશીલ બસ સ્ટેન્ડ ઉસ્માનપુરા) એ તા.૨૬/૦૬/૨૦૧૭ સાંજના ૫/૦૦ વાગ્યાનાં સુમારે પોતાના ઘર નજીક પોતાની હોન્ડાઈ કંપનીની આઈ-10 ગ્રાન્ડ કાર નંબર જીજે.૦૧.આર.ડી.૧૬૫૧ **કિંમત** રૂપિયા ૧,૫૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૨૬/૦૬/૨૦૧૭ રાતના ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન થઇ હતી. આ અંગેની ફરીયાદ શ્રેણીકભાઇ ચોક્સીએ તા.૪/૭/૧૭ નારોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે.આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.એફ.સિદ્દીકી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.